હેમાંગ રાવલ
પ્રદેશ પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

પ્રેસનોટ તા. : ૧૯/૦૮/૨૦૨૫

# પહેલા વોટ ચોરી – હવે પ્લોટ ચોરી!

## સામાજિક અને આર્થિક નબળા વર્ગ માટે ફાળવેલ આરક્ષિત પ્લોટની ચોરીનું કૌભાંડ!

- **આ મુદ્દે કાર્યવાહી નહીં કરવામાં આવે ગરીબ વર્ગના હક અધિકાર માટે હાઈકોર્ટમાં જાહેરહિત અરજી (PIL)દાખલ કરવાનો વિકલ્પ ખુલ્લો રહેશે. : - હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધીને કૌભાંડ ઉજાગર કરતા સામાજિક અને આર્થિક નબળા વર્ગ માટે ફાળવેલ પ્લોટ (SEWSH માટે આરક્ષિત પ્લોટ) પર ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ, સરકાર અને તંત્રની મિલીભગત બહાર આવી. અમદાવાદ શહેર તથા તેની આસપાસના વિસ્તારોમાં "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" એટલે કે શાળા, હોસ્પિટલ, સામાજિક સુવિધાઓ માટે S&EWSH (સામાજિક અને આર્થિક નબળા વર્ગ માટે આરક્ષિત ) તરીકે પ્લોટો પર ગેરકાયદેસર કોમર્શિયલ અને રહેણાંક બાંધકામ થઈ રહ્યાનું ચોંકાવનારા પુરાવા બહાર આવ્યા છે.

દરેક Town Planning Schemeમાં નાગરિકોને પ્રાથમિક સુવિધા મળે એ માટે શાળા, આરોગ્ય અને સામાજિક સુવિધાઓ માટે ચોક્કસ પ્લોટો SEWSH આરક્ષિત રાખવા કાયદેસર ફરજિયાત છે. આવા પ્લોટનો કોમર્શિયલ કે રહેણાંક ઉપયોગ થઈ શકે જ નહીં અને કોઈપણ સંજોગોમાં તેનો હેતુ તબદિલ થઈ શકે નહીં, છતાં સરકાર અને તંત્રની મિલીભગતથી આવા આરક્ષિત પ્લોટો પર મોટા પાયે ગેરકાયદેસર બાંધકામ થઈ રહ્યું છે.

| પ્લોટની વિગત | હદ | કૌભાંડની વિગતો |
|---|---|---|
| TP નં.118 – સિંગરવા-દસકોઈ ફાઈનલ પ્લોટ નં : ૧૯૫ (OS) અને ૧૯૬ (S&EWSH) | AUDA (અમદાવાદ અર્બન ડેવેલપમેન્ટ ઓથોરીટી) | અહીં વિશાળ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ઊભું કરી દેવામાં આવ્યું છે. વારંવાર ફરિયાદો થવા છતાં ઔડા માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરી, અંતે દુકાનો ભાડે આપી દેવામાં આવી. હાલ ગેરેજ, હોટલ, મીઠાઈની દુકાન, મેડિકલ સ્ટોર્સ સહિત અનેક કોમર્શિયલ પ્રવૃત્તિ ધમધમી રહી છે.. વીજળીના કનેક્શન, પાણી ઉપયોગ આપી દેવાયા છે.ઔડા દ્વારા સિક્યુરીટી મુકવામાં આવેલી છે તેવું માત્ર ચોપડે છે પરંતુ સ્થળ મુલાકાત દરમિયાન કોઈ ઔડાની સિક્યુરિટી હાજર નહોતી |
| TP-1, ઘોડાસર, Final Plot નં.117 અને 118 | AMC (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) | આરક્ષિત જગ્યામાં બંગલાઓ, કોમર્શીયલ દુકાનો વગેરે ચણી દેવામાં આવ્યા છે. વીજળીના કનેક્શન, પાણી ઉપયોગ આપી દેવાયા છે. આશ્ચર્યની વાત એ છે કે આવા SEWSH પ્લોટ પર AMC દ્વારા પ્રોપર્ટી કાર્ડ પણ ઈસ્યુ કરી દેવામાં આવ્યા છે, જે કાયદેસર રીતે અસંભવ છે. |

એક સંશોધન મુજબ માત્ર અમદાવાદ શહેરમાં જ 1153.67 હેક્ટર જમીન SEWSH/EWS હાઉસિંગ માટે આરક્ષિત કરવામાં આવી છે. તેમાંથી AUDA વિસ્તાર માટે 337.50 હેક્ટર જમીન ઉપલબ્ધ છે. જો આ જમીન તેના મૂળ હેતુ માટે વપરાય તો લાખો નાગરિકોને ઘરનું ઘર, શાળા, આરોગ્ય અને સામાજિક સુવિધાઓનો લાભ મળી શકે. પરંતુ આજના કૌભાંડથી સ્પષ્ટ થાય છે કે નાગરિકોના હક્ક પર "પ્લોટ ચોરી" થઈ રહી છે.

સરકાર તથા અધિકારીઓએ SEWSH પ્લોટોને આજે સુધી "ફાઇનલ સર્ટિફિકેશન" આપ્યું જ નથી, જેથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કાયદાકીય આવરણ મળી રહે. એક તરફ ભાજપ સરકાર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગરીબો માટે ૫૦ લાખ મકાન બનાવવા માટે ચૂંટણી વાયદો કરવામાં આવ્યો હતો પરંતુ ઉપરની માહિતીથી સ્પષ્ટ થાય છે કે ગરીબો અને સામાન્ય નાગરિકોની સુવિધા માટે રાખેલા પ્લોટ પર સરકાર અને તંત્રની સંડોવણીથી સુવ્યવસ્થિત "પ્લોટ ચોરી" થઈ રહી છે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તાત્કાલિક નીચે મુજબની માગણીઓ સરકાર સમક્ષ મૂકે છે:

1. સંપૂર્ણ સર્વે અને ઑડિટ
ઔડા તથા એએમસી દ્વારા આરક્ષિત તમામ પ્લોટનો GIS આધારિત સર્વે અને ઑડિટ જાહેર કરવામાં આવે.દરેક ફાઈનલ પ્લોટની હાલની સ્થિતિ (ખાલી છે, બાંધકામ છે કે ગેરકાયદેસર કબજો છે) અંગે પબ્લિક રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવે.

2. SEWSH માટે આરક્ષિત જમીન પર આપેલા તમામ પ્રોપર્ટી કાર્ડ, વીજળી-પાણી-ડ્રેનેજ કનેક્શન તરત જ રદ્ કરવામાં આવે.

3. તંત્રમાં સામેલ અધિકારીઓ પર સર્વિસ નિયમો હેઠળ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવે.ગાંધીનગરમાં બેઠેલા તેમના રાજકીય આકાઓની પણ તપાસ અને જવાબદારી નક્કી કરવામાં આવે.

4. શાળા, હોસ્પિટલ, આંગણવાડી, કોમ્યુનિટી હોલ, ગરીબ આવાસ યોજના જેવી સુવિધા માટે જે પ્લોટો આરક્ષિત છે તેને ફરીથી મૂળ હેતુ માટે જ વાપરવામાં આવે.

5. ભવિષ્યની તમામ TP સ્કીમમાં SEWSH પ્લોટનું લૉક-ઈન પીરિયડ અને કાનૂની સુરક્ષા મિકેનિઝમ અમલમાં મૂકવું.

6. આ કૌભાંડની પાછળ રહેલા બિલ્ડર-બ્યુરોક્રેટ-રાજકીય નેટવર્ક સામે ન્યાયિક તપાસ કમિશન બેસાડવામાં આવે.

જો સરકાર આ મુદ્દે કાર્યવાહી નહીં કરવામાં આવે ગરીબ વર્ગના હક અધિકાર માટે હાઈકોર્ટમાં જાહેરહિત અરજી (PIL) દાખલ કરવાનો વિકલ્પ ખુલ્લો રહેશે.

**આભાર સહ**
**શ્રી હેમાંગ મહિપતરામ રાવલ**
**મોબાઈલ: +91 98982 33038**
**ઈમેઈલ: hemangr@gmail.com**

બિડાણ (Annexures)

1. AUDA TP નં.118 – Final Plot 195,196 (સિંગરવા-દસકોઈ) નો નકશો
2. AUDA SEWSH ફાઈનલ પ્લોટ પર બનેલા ગેરકાયદેસર કોમ્પ્લેક્સના ફોટોગ્રાફ, વિડિયો અને સેટેલાઈટ ઈમેજ
3. AMC ઘોડાસર TP-1 ના Final Plot 117,118 નો નકશો તથા હાલની દબાણ સાથેની સેટેલાઈટ ઈમેજ
4. AMC દ્વારા SEWSH પ્લોટ 118 પર બહાર પાડવામાં આવેલ પ્રોપર્ટી કાર્ડની કોપી